સાબરકાંઠા જિલ્લામાં સાર્વત્રિક વરસાદ

ભિલોડા, વિજયનગર, શામળાજી, દઢવાવ, સુનોખ પંથકમાં સાર્વત્રીક મેઘમહેર : ભિલોડામાં આજે બપોરે એક કલાકમાં ૧ ઈંચ વરસાદ ખાબક્યો

ભિલોડા, તા.૨૫

સાબરકાંઠા જીલ્લા સહિત ભિલોડા, વિજયનગર, શામળાજી, દઢવાવ, સુનોખ પંથકમાં સાર્વત્રીક મેઘમહેર : ભિલોડામાં આજે બપોરે એક કલાકમાં ૧ ઈંચ વરસાદ ખાબક્યો હતો. ખેડુતો ખુશખુશાલ બન્યા હતા. કપાસ, મગફળી, મકાઈ, તુવેર, એરંડા સહિત વિવિધ પાકોને જીવતદાન મળેલ છે.પ્રજાજનોના કાન ફાડી નાખે તેવા વીજળીના કડાકા-ભડાકા, વીજળીના તેજ લીસોટાઓથી પ્રજાજનો ગભરાઈ ઉઠ્યા હતા. નાના બાળકો ડરી જતા હોવાના કારણે પ્રજાજનોએ ઘરના બારી બારણા બંધ રાખ્યા હતા. વીજળીના કડાકા-ભડાકાનો ભયાનક અવાજ આવતા ઘર, ઓફીસ અને દુકાનોમાં બેઠેલા પ્રજાજનોમાં ભારે ફફડાટ વ્યાપ્યો હતો. જાણે કે વીજળી પડશે કે શું ? તેવો ફફડાટ વ્યાપ્યો હતો. વીજળીના ભયાનક અવાજો સાંભળી નાના બાળકો રડતા હતા ત્યારે વાલીઓ હેરાન-પરેશાન બન્યા હતા.

આકાશમાં કાળા ડિબાંગ વાદળો ઘેરાયેલા રહેતા હોવાના કારણે સુર્યનારાયણના દર્શન થતા નથી. ધીમી ધારે મેઘરાજાની પધરામણી ચાલુ રહેતા પ્રજાજનો ખુશખુશાલ બન્યા છે. ભિલોડા, વિજયનગર, શામળાજી, દઢવાવ અને સુનોખ પંથકમાં મેઘરાજા જાણે કે મહેરબાન બન્યા હોય તેમ વરસાદી ઝાપટા અવિરતપણે ચાલુ રહેતા હોય છે. ગત વર્ષની તુલનાએ એકદંરે આ વર્ષે સારો વરસાદ હોવાના અહેવાલો સાંપડી રહ્યા છે. ભિલોડા તાલુકામાં ચોમાસાની સીઝનનો આશરે ૨૦ ઈંચ વરસાદ થઈ ચુક્યો હશે. આકાશમાં ઘટાટોપ વાદળો ઘેરાયેલા રહેતા હોવાના કારણે છેલ્લા બે-ત્રણ દિવસથી સાર્વત્રીક વરસાદ આવતો હોવા છતાં અસહ્ય બાફ અને બફારો પ્રજાજનો અનુભવતા હતા.

સુનોખ ગામ પાસેથી પસાર થતી નાદરી નદી ઓળંગતા એક આધેડનું મોત નિપજ્યું હતું. એક યુવાન લાપતા હતો ત્યારે સાબરકાંઠા જીલ્લા યુવક કોંગ્રેસ પ્રમુખ કુમાર વનરાજસિંહજી રાઠોડ તેમજ કોંગ્રેસ અગ્રણીઓ તાબડતોબ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. મૃતક આધેડ અને લાપતા નવયુવાનના પરીવારજનોને સાંત્વના આપી હતી.ભિલોડા તાલુકા વહીવટી તંત્રના અધિકારીઓને આ ઘટના સદંર્ભે જાણ કરેલ હતી. આ વરસાદના સમાચાર લખાય ત્યારે પણ ભિલોડા પંથકમાં અવિરત મેઘમહેર ચાલુ રહેતા ખેડુત સમુદાયમાં આનંદનું મોઝુ ફરી વળ્યું છે. કપાસ, મગફળી, એરંડા, તુવેર, મકાઈ, અળદ સહિત શાકભાજીના પાકોનું જીવતદાન મળેલ છે.

ભિલોડા તાલુકાના ખેરાડી ગામના અગ્રણી, ડિરેક્ટર સાબરડેરી-હિંમતનગર જેસીંગભાઈ પટેલ, ખેરાડી ગ્રામ પંચાયત સરપંચ મધુબેન પટેલ તેમજ પ્રજાજનોના જણાવ્યા મુજબ વરસાદી વીજળીના ભયાનક કડાકા-ભડાકા સાથે વીજળી તુટી પડતાં ખેરાડી ગામમાં શ્રીમદ્ જેસીંગબાપા પંખીઘરને નુકશાન થયેલ છે. ખેરાડી ગામમાં જીતુભાઈ પટેલ, અમરતભાઈ પટેલ, હાથીભાઈ પટેલ સહિત અનેકના ઘરમાં ફ્રીજ, ટી.વી.નષ્ટ પામ્યા છે. ઘરોમાં પંખા, ટ્યુબલાઈટ તેમજ બલ્બ સહિત વીજ ઉપકરણો નષ્ટ થયા છે ત્યારે લાખ્ખો રૂપીયાનું નુકશાન થયું હોવાનું જાણવા મળેલ છે.

ભિલોડા પંથકમાં સાર્વત્રીક અવિરતપણે મેઘ મહેર ચાલુ રહેતા નદી, નાળા, તળાવો, જળાશયો, વાંઘા-કોતરોમાં વરસાદી પાણીની વહેતા થયા હતા. ભિલોડા પંથકમાં ઠેર-ઠેર નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ જતાં ગંદકીનું સામ્રાજ્ય ફેલાયું છે. ભિલોડા પોલીસ સ્ટેશનથી માર્ગ એન્ડ મકાન વિભાગ ઓફીસ સુધીનો માર્ગ ઉપર અસહ્ય ખાડાખડીયા હોવાના કારણે વાહનચાલકો હેરાન-પરેશાન બન્યા છે.

ધનસુરાના ખોડીયાર મંદિર પાસે વાહનની ટકકરે બાઈકચાલકનું મોત

ધનસુરા, તા.૨૫

ધનસુરા માલપુર ચોકડી પાસે ખોડીયાર માતા મંદિર આગળ ગતરોજ મોડી રાત્રે બેફામ ગતિએ દોડતા એક અજાણ્યા વાહન ચાલકે બાઈક ચાલકને ટકકર મારતા ઘટના સ્થળે જ કમકમાટીભર્યું કરૂણ મોત નિપજયું હતું. આ મામલે ધનસુરા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ધનસુરા માલપુર ચોકડી પાસે ખોડીયાર માતા મંદિર આગળથી દિલીપભાઈ અમૃતભાઈ રાવળ પોતાનું બાઈક લઈ પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન પાછળથી બેફામ ગતિએ આવતા એક અજાણ્યા વાહનના ચાલકે બાઈકને જોરદાર ટકકર મારતા બાઈક ચાલક બાઈક સહિત માર્ગથી દૂર ફંગોળાઈ ગયો હતો અને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટના સ્થળે જ કમકમાટીભર્યું કરૂણ મોત નિપજયું હતું. આથી પરિવારજનોમાં ઘેરા શોકની કાલીમા ફેલાઈ છે. આ મામલે ધનસુરા પોલીસે મૃતકના પત્ની લીલાબેનની ફરિયાદના આધારે અજાણ્યા વાહન ચાલક વિરૂધ્ધ ફરિયાદ નોંધી ફરાર વાહનચાલકની શોધખોળ હાથ ધરી છે.

સાબરકાંઠાના મોડાસાના ૩ અને હિંમતનગરમાં ૨ ઈંચ વરસાદ

હિંમતનગર, તા. ૨૫

હિંમતનગર સહિત સાબરકાંઠા જિલ્લાના તમામ તાલુકામાં છેલ્લા ચોવીસ કલાકમાં મેઘરાજા મનમુકીને વરસ્યા છે અને ચોતરફ પાણી પાણી જોવા મળી રહ્યું છે અને ખેડૂતોમાં આનંદ છવાયો છે.

ચોમાસાની સિઝનમાં સાબરકાંઠાના તમામ તાલુકાઓમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨ થી ૯૦ મી.મી. વરસાદ નોંધાયો છે. જેમાં તલોદમાં ૯૦, વડાલીમાં ૫૫, વિજયનગરમાં ૧૦, ભિલોડામાં ૨૫, ધનસુરામાં ૨૩, હિંમતનગરમાં ૫૬, ઈડરમાં ૨૭, ખેડબ્રહ્મામાં ૨૨, મોડાસામાં ૭૬, મેઘરજમાં ૧૦ અને પ્રાંતિજમાં ૭૦ મી.મી. વરસાદ નોંધાયો હતો. જ્યારે હિંમતનગમરાં બે ઈંચ વરસાદથી શહેરના માર્ગો પર અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. મોડાસામાં વીજળી પડતા બે મકાનોને અંશતઃ નુકશાન થવા પામ્યું હતું. કોઈ જાનહાની થઈ ન હતી તો બીજી તરફ બુધવારે ભિલોડાના સુનોખ પાસે વાઘાના પાણીમાં ત્રણ વ્યક્તિઓ તણાયા હતા. જેમાંથી એકનો બચાવ થયો હતો જ્યારે બે વ્યક્તિ કાન્તીભાઈ કટારા અને ભરત ખરાડીના મૃતદેહ ફાયરબ્રિગેડની મદદથી બહાર કઢાયા હતા.

પાટણ જિલ્લાના કલેકટરશ્રી જે.બી.વોરાએ જિલ્લામાં એમ.ડી.એમ. હેઠળ મધ્યાહન ભોજન યોજના કેન્દ્રો અને આઈ.સી.ડી.એસ. હેઠળ આંગણવાડીઓના શ્રેષ્ઠ અમલ માટે અને ક્ષતિઓના નિવારણ માટે સઘન નિરીક્ષણની ખાસ ઝુંબેશ હાથ ધરી સમગ્ર જિલ્લામાં જિલ્લા કક્ષાના અધિકારીઓ દ્વારા જુદા જુદા કેન્દ્રોની મુલાકાત લઈ ઉપાયાત્મક અને સુધારાત્મક પગલાં સુચવવા જણાવ્યું છે. જેના ભાગરૂપે પાટણ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ચાલતી મધ્યાહન ભોજન યોજના અને સંકલિત બાળ વિકાસ સેવા યોજના તળે ચાલતી આંગણવાડીઓની મુલાકાતનો દોર ચાલુ થયો છે. જે અંતર્ગત જિલ્લા માહિતી કચેરી, પાટણની ટીમે પાટણ તાલુકાના લાખડપ ગામની કોડ નં. ૫૭ની આંગણવાડી અને પ્રાથમિક શાળાના મધ્યાહન ભોજન યોજના કેન્દ્રની મુલાકાત લઈ ભૌતિક સુવિધાઓ-સ્વચ્છતા-ભોજન સામગ્રી-ભોજન વ્યવસ્થા સહિત સમગ્ર વ્યવસ્થાનું આકલન કરી શાળાના મુખ્ય શિક્ષકશ્રી ભરતભાઈ અમીન, સંચાલક રેવાભાઈ મકવાણા સહિત ગામ સમિતિના સભ્યો સાથે બેઠક કરી યોજનાના શ્રેષ્ઠ અમલ માટે ચર્ચા કરી હતી.

ધનસુરા પોલીસ સ્ટેશનનો ટેલિફોન અઠવાડિયાથી બંધ

ધનસુરા, તા. ૨૫

ધનસુરા શહેર સ્થિત તાલુકા પોલિસ મથકમાં છેલ્લા ઘણા સમયથી ટેલિફોન બંધ હોવાથી ઈમર્જન્સી વખતે ટેલિફોન બંધ હોવાથી પોલીસ ઘટના સ્થળે પહોચવામાં વિલંબ થતો હોય છે. આવા સંજોગોમાં ટેલિફોન વેલાસર ચાલુ થાય તેવું સ્થાનિકો ઈચ્છી રહ્યા છે.

ધનસુરા પોલીસ સ્ટેશન તે તાલુકા કક્ષાનુ પોલીસ મથક ગણવામાં આવે છે. અને પોલીસ સ્ટેશનમાં છેલ્લા ઘણા સમયથી સ્ટેશનનો ટેલિફોન જેનો નંબર ૨૨૨૦૫૬ છે. જે છેલ્લા ઘણા સમયથી બંધ હોવાથી પ્રજા પરેશાન થઈ ગઈ છે. ટેલિફોન ખાતાના અંધેર વહીવટના કારણે ધનસુરાની સામાન્ય પ્રજા ઘણી જ હેરાન પરેશાન થઈ રહી છે. સત્વરે આ ટેલિફોન ચાલુ કરવામાં આવે તેવી માંગણી ઉઠવા પામી છે.

ડીસામાં ગૌરીવ્રત નિમિત્તે ઠેર ઠેર જાગરણના કાર્યક્રમ યોજાયા

ડીસા, તા. ૨૫

ભારતીય સંસ્કૃતિમાં વિવિધ પર્વો અને વ્રતોનું સદીઓથી મહત્વ છે. માં ઉમા પણ ભગવાન શિવજીને પતિ તરીકે પભવા માટે ગૌરીવ્રત કરતા હતા. આ વ્રત આજેપણ નાની બાલીકાઓ કરે છે. ગૌરીવ્રત દરમ્યાન બાળાઓ કોડીયા જેવા આકારના માટીના પાત્રમાં ગૌરમાં ઉછેરે છે અને પાંચ દિવસ સુધી એકટાણું કરીને પુજા અર્ચના કરે છે. ત્યારબાદ છેલ્લા દિવસની રાત્રે જાગરણ કરી ગૌરીવ્રતની ઉજવણી કરે છે.

ડીસા શહેરમાં પણ મોટી સંખ્યામાં બાળાઓએ ગૌરીવ્રતની ઉજવણી કરી સદીઓથી ચાલી આવતી પરંપરાને જાળવી હતી. બાલીકાઓએ ગૌરીમાની પુજા અર્ચના કરી મનગમતા ભારથારની કામના કરી હતી. વ્રતની છેલ્લી રાત્રીએ બાલીકાઓએ જાગણ કરી ગરબા તેમજ વિવિધ કાર્યક્રમોમાં આનંદ લઈ જાગરણ પુરૂ કર્યુ હતું અને શ્રધ્ધા અને ભક્તિ ભાવ સાથે દાન પુણ્ય કર્યુ હતુ અને ભગવાન શિવજીની પુજા અર્ચના કરી હતી.

અમદાવાદમાં સતત બીજા દિવસે ભારે વરસાદથી હાલાકી

શહેરના વાસણા ગુમાનગર પાસે મેઈન ડ્રેનજ લાઈનમાં ભૂવો પડ્યો : શહેરમાં મોસમનો કુલ વરસાદ ૨૦ ઈંચ નોંધાયો : પાંચ વૃક્ષો તેમજ છ ભુવા પડ્યા

અમદાવાદ,તા. ૨૫

અમદાવાદમાં પણ આજે સતત બીજા દિવસો જુદા જુદા વિસ્તારમાં ભારે વરસાદ તૂટી પડ્યો હતો જેના પરિણામ સ્વરૂપે સવારે નોકરી પર જતાં લોકો અટવાઈ પડ્યા હતા. કડાકા સાથે ધોધમાર વરસાદ થયો હતો જેથી નીચાણવાળા વિસ્તારોમાં પાણી પણ ભરાઈ ગયા હતા જો કે હજુ પણ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે જેથી તંત્ર સાવધાન થયેલું છે. અમદાવાદ શહેરમાં મોસમનો કુલ વરસાદ ૨૦ ઈંચ નોંધાયો છે. શહેરમાં પાંચ ઝાડ અને છ ભુવા પાડવાના બનાવો બન્યા છે. ખાસ કરીને વાસણામાં ગુમાનગર પાસે મેઈન ડ્રેનેજ લાઈનમાં ભુવો પડતા આને લઈને દિવસભર ચર્ચા રહી હતી. અમદાવાદમાં છેલ્લા કેટલાક દિવસથી વરસાદી વાતાવરણ છવાઈ ગયું છે. વરસાદી માહોલ જામતા વાતાવરણમાં તીવ્ર ઠંડક થઈ ગઈ છે. બીજી બાજુ તંત્ર સામે અનેક પડકારો ઉભા થયા છે. આ વર્ષે પણ દર વર્ષની જેમ મોટા મોટા પ્રિ મોન્સુનના આયોજનના દાવા કરવામાં આવ્યા હતા પરંતુ વરસાદના કારણે પાણી ભરાઈ જવાની સ્થિતી સાબિત કરે છે છે કે પુરતા પગલા લેવાયા નથી. જો કે તંત્રના અધિકારીઓ આ વાત સ્વીકારવા માટે તૈયાર નથી. ઓછા વરસાદના કારણે અનેક રસ્તાઓને બંધ કરી દેવાની ફરજડ પડી રહી છે. ચારે બાજુ ટ્રાફીકની સ્થિતી સર્જાય છે. આયોજન વગર કેટલીક જગ્યાએ ખાડા ખોદી દેવામાં આવ્યા છઠે જેથી મોટી દુર્ઘટનાનો પણ ખતરો રહેલો છે.છેલ્લા બે દિવસથી પડી રહેલા વરસાદથી હાલમાં રાહત નહી મળે તેવી શક્યતા છે. અમદાવાદમાં ભારે વરસાદથી જુદા જુદા વિસ્તારોમાં વાહનો અને લોકો અટવાઈ ગયા હતા. કોઈ વિસ્તારમાં લોકોને રાહત મળી ન હતી.

શાહીબાગ, મણિનગર, હાટકેશ્વર, દુધેશ્વર, વાડજ, મીઠાખળી સહિતના શહેરના તમામ વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા અને જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. સવારથી જ અમદાવાદમાં વાદળો ઘેરાયેલા રહ્યા હતા અને નવ વાગ્યા બાદ એકાએક વરસાદ તૂટી પડ્યો હતો. વહેલી સવારથી જ વીજળીના કડાકા સાથે ઠેર ઠેર વરસાદની શરૂઆત થઈ ગઈ હતી. ઓફિસ જવાવાળા લોકો સાવચેતી રૂપે વહેલી તકે ઓફિસ પહોંચીકરેલી છે.

ઉત્તર ગુજરાતના બજાર ભાવો

તલોદ

મગફળી	૬૦૦	૮૯૬
એરંડા	૬૭૯	૬૮૨
ઘઉં	૩૦૦	૩૩૦
બાજરી	૨૨૦	૨૬૩
ગવાર	૯૭૧	૧૧૩૫

સલાલ

મગફળી	૭૦૦	૭૭૦
ઘઉં	૩૦૫	૩૫૫
બાજરી	૨૦૦	૨૫૦
ડાંગર જ્યા	૨૯૦	૩૨૦
ડાંગર ગુજ	૩૨૫	૩૫૦

પ્રાંતિજ

એરંડા	૬૬૦	૬૭૫
ઘઉં	૩૦૦	૩૫૦
બાજરી	૨૩૦	૨૫૫
ડાંગર ગુજ	૩૨૫	૩૫૦
ડાંગર જ્યા	૨૯૦	૩૨૧

ધનસુરા

એરંડા	૬૭૫	૬૮૫
મકાઈ	૨૬૦	૩૦૦
ઘઉં	૩૧૦	૩૪૦
બાજરી	૨૩૦	૨૬૦
ગવાર	૯૦૦	૧૧૦૦

ખેડબ્રહ્મા

ઘઉં લોકવન	૩૦૮	૩૨૦
ઘઉં ૪૯૬	૩૧૫	૩૫૦
મકાઈ	૨૭૯	૨૮૨
એરંડા	૬૬૫	૬૭૦
મગફળી	૭૦૦	૯૦૦

મોડાસા

બાજરી	૨૨૫	૨૮૧
મકાઈ	૨૫૦	૨૯૧
ઘઉં	૩૦૦	૩૩૦
મગફળી	૭૦૦	૮૩૮
ગવાર	૯૦૫	૧૧૩૦

દહેગામ

બાજરી	૨૬૫	૨૭૫
ઘઉં	૩૦૫	૩૨૫
ડાંગર	૨૬૬	૨૯૦
એરંડા	૬૬૫	૬૬૮
ગવાર	૯૫૦	૧૦૪૧
મકાઈ	૨૫૦	૩૦૦
તુવેર	૫૩૦	૬૬૫
જુવાર	૩૨૦	૩૮૦
રાયડો	૫૨૫	૫૮૦

રખિયાલ

બાજરી	૨૬૦	૨૭૦
ઘઉં	૩૦૦	૩૨૦
ડાંગર	૨૬૫	૨૮૫
ગવાર	૯૪૦	૧૦૩૦
મકાઈ	૨૪૦	૨૮૦
તુવેર	૫૨૫	૫૬૦
જુવાર	૩૧૦	૩૭૦
રાયડો	૫૨૦	૫૭૦

હિંમતનગર

મગફળી	૬૦૦	૮૪૭
એરંડા	૬૭૦	૬૮૦
ઘઉં	૩૧૦	૩૬૭
બાજરી	૨૧૦	૨૭૮
મકાઈ	૨૭૦	૨૯૦
ગવાર	૧૦૦૦	૧૧૪૨

ઈડર

ઘઉં	૩૨૦	૩૬૫
મકાઈ	૨૭૦	૨૯૬
એરંડા	૬૭૦	૬૮૦
બાજરી	૨૫૦	૨૭૦
મગફળી	૬૫૦	૮૮૮
તલ	૧૪૫૦	૧૭૫૦
ગવાર	૧૦૦૦	૧૧૧૪
જુવાર	૩૫૫	૩૯૫
મગ	૬૫૦	૭૦૦

કડી

સવા	૬૬૦	-
ઘઉં	૩૦૦	૩૨૯
બાજરી	૨૮૩	-
ગવાર	૯૬૩	૧૧૬૨
એરંડા	૬૬૭	૬૭૦

પાલનપુર

ઘઉં	૨૯૫	૩૭૦
બાજરી	૧૮૦	૨૮૨
એરંડા	૬૬૪	૬૮૦
રાજગરો	૯૬૦	૧૧૬૩
ગવાર	૫૦૦	૧૦૩૧
જુવાર	૫૦૦	૫૩૦

સિદ્ધપુર

જવ	૨૫૪	૩૦૦
રાયડો	૫૯૫	૬૧૦
એરંડા	૬૬૦	૬૯૦
ગવાર	૮૯૧	૧૧૩૩
ઘઉં	૨૮૦	૩૫૬
બાજરી	૧૩૬	૨૮૫
જુવાર	૪૩૬	૬૦૩

વિસનગર

ઘઉં	૩૦૦	૩૫૨
બાજરી	૨૦૦	૨૮૯
રાયડો	૫૮૧	૬૧૮
એરંડા	૬૭૦	૬૯૧.૫૦
જુવાર	૨૫૦	૫૧૫
જવ	૨૬૮	-
મેથી	૫૩૧	-
ગવાર	૯૦૦	૧૧૨૩
રજકાના બી	૧૩૦૦	૨૭૦૦

મહેસાણા

ઘઉં	૨૯૯	૩૩૦
જીરૂ	૨૧૬૦	૨૪૩૮
રાયડો	૪૯૦	૬૦૨
મેથી	૫૨૯	-
બાજરી	૨૨૮	૩૦૦
એરંડા	૬૬૫	૬૮૫
અજમો	૫૮૧	૧૨૩૫
ગવાર	૯૪૫	૧૧૨૦
રજકાબી	૨૨૮૦	૨૮૦૧

આંબલીયાસણ

ઘઉં	૩૦૦	૩૬૬
બાજરી	૨૧૬	૨૭૦
રાયડો	૫૮૭	-
એરંડા	૬૬૯	૬૭૫
ગવાર	૧૦૦૦	૧૦૪૦

જોટાણા

ઘઉં	૩૪૧	-
એરંડા	૬૭૧	૬૭૮
બાજરી	૨૦૫	૨૮૫
ગવાર	૯૩૬	૧૦૮૬

દાસીજ

રાયડો	૬૦૦	૬૪૬
એરંડા	૬૫૦	૬૮૩
સાસટો	૩૦૦	૩૬૩
બાજરી	૨૧૦	૨૫૫
ઘઉં	૨૯૦	૩૪૫
ગવાર	૯૫૦	૧૧૨૩
અડદ	૫૦૦	-
મઠ	૫૪૦	-
ચણા	૫૦૦	૫૯૯
જીરૂ	૨૧૦૦	૨૫૧૦
સવા	૬૦૦	૬૭૦

કલોલ

ઘઉં	૩૦૫	૩૪૦
એરંડા	૬૬૪	૬૭૬
બાજરી	૨૭૨	-
રાયડો	૫૭૫	-
ડાંગર	૨૮૦	૩૫૦
ગવાર	૯૮૦	૧૧૨૧
જુવાર	૩૨૦	૩૬૫

બાયડ

એરંડા	૬૫૦	૬૮૦
ઘઉં	૩૦૦	૩૭૦
બાજરી	૨૨૦	૨૭૦
મકાઈ	૨૮૦	૩૦૦
ગવાર	૧૦૦૦	૧૩૦૦

ઉંઝા

જીરૂ	૨૦૨૫	૨૭૦૦
વરીયાળી	૯૫૦	૨૨૪૧
ઈસબગુલ	૧૦૫૦	૧૩૭૦
સરસવ	૫૯૫	-
રાયડો	૬૦૧	૬૮૮
મેથી	૫૩૧	-
તલ	૨૦૫૦	૨૧૧૫
સવા	૬૭૩	-

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of

Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz

and a wide range of vivid pattern with extinguish combinations.

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ સરદાર પટેલ માર્કેટ-અમદાવાદ

શાકભાજી	ઓછો ભાવ	વધુ ભાવ
બટાટા પંજાબી	-	-
બટાટા દેશી	૧૩૦	૨૦૦
બટાટા ડીસા	૧૫૦	૨૩૦
ડુંગળી સૌરાષ્ટ્ર	-	-
ડુંગળી મહારાષ્ટ્ર	૫૬૦	૫૧૦
રીંગણ	૧૦૦	૩૦૦
રવૈયા	૨૦૦	૧૦૦૦
કોબીજ	૧૦૦	૨૪૦
ફુલાવર	૧૦૦	૨૬૦
ટામેટા પાકા	૩૦૦	૬૦૦
દૂધી	૧૦૦	૨૦૦
કાકડી	૧૦૦	૮૦૦
ગીલોડા	૨૦૦	૭૦૦
મરચાં દેશી	૧૦૦	૨૪૦
લીંબુ	૨૦૦	૪૪૦
આદુ	૧૬૦૦	૨૦૦૦
બીટ	૧૦૦	૪૦૦